# શિશુવિહાર

પ્રથમ અંક : મે ૧૯૪૪ સદ્વિચારને આચરણમાં મૂકતી સંસ્થાનું સમાચાર પત્ર

સળંગ અંક : ૯૨૫ • ૧૫ જૂન ૨૦૨૨ • પાના : ૩૨ • વાર્ષિક લવાજમ રૂ.૫૦

स्वराज की शाला - शिशुविहार स्थापना १९३९

२०२१-२०२२ स्वातंत्र्य - अमृत महोत्सव


## શિશુવિહાર સંસ્થાનું અભિવાદન



**સન્માન સ્વીકારતા શ્રી હરેશભાઈ ભટ્ટ તથા શ્રી હીનાબહેન ભટ્ટ**

અક્ષય તૃતિયાનો પવિત્ર દિવસ અને ભાવનગર રાજ્યના ૨૯૯માં સ્થાપના દિવસ પ્રસંગે શિશુવિહાર સેવા સંસ્થાનું અભિવાદન થયું. ગુજરાત રાજ્યનાં મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના વરદ્હસ્તે ૩જી મેના રોજ ગૌરીશંકર સરોવર બાલવાટિકા ઉદ્યાનમાં યોજાયેલ ભાવનગર કાર્નિવલ ૨૦૨૨ પ્રસંગે રાજ્યના શિક્ષણ મંત્રીશ્રી જીતુભાઈ વાઘાણી, યુવરાજ શ્રી જયવીરરાજસિંહજી તથા અગ્રગણ્ય નાગરિકોની પ્રેરક ઉપસ્થિતિમાં યોજાયેલ સન્માન સમારોહમાં શહેરનાં હજારો વિદ્યાર્થીઓ તથા ઔદ્યોગિક કામદારોને આપત્તિ નિવારણ તાલીમ સાથે જોડનાર શ્રી હરીશભાઈ માનભાઈ ભટ્ટનો



વિશેષ ઉલ્લેખ કરી બિરદાવવામાં આવ્યા હતા. તેમજ તેઓશ્રીને પ્રશસ્તિ પત્ર એનાયત કરવામાં આવેલ. શ્રી સ્વામીનારાયણ ગુરુકૂળના અધ્યક્ષશ્રી કે.પી. સ્વામીશ્રીની હાજરી આવકારદાઈ બની હતી.

## ગ્રીષ્મ તાલીમ વર્ગનું સમાપન




શ્રી ઉર આશા ઝવેરી ફાઉન્ડેશનના સહકારથી ૧ મેથી ૭ જૂન દરમિયાન ત્રણ તબક્કામાં ગ્રીષ્મ તાલીમ વર્ગ યોજાયા. જેમાં ૩૬૭ ભાઈ-બહેનોએ ભાગ લઈ વિવિધ તાલીમ પ્રાપ્ત કરી હતી. ૧૨ દિવસ માટેની ત્રણ તાલીમ શિબિરમાં ઉત્તમ દેખાવ કરનાર ૨૩ વિદ્યાર્થીઓ તથા


તંત્રી, પ્રકાશક, મુદ્રકઃ ડૉ. નાનકભાઇ ભટ્ટ




❀ પ્રકાશન સ્થળ ❀

શિશુવિહાર, પ્લોટ નંબર ૫૦૭, ઉત્તર કૃષ્ણનગર, ભાવનગર, ૩૬૪૦૦૧

Website: www.shishuvihar.in Email: shishuviharbhavnagar@gmail.com

Facebook: Shishuvihar Bhavnagar Phone: (0278)2512850

તાલીમી શિક્ષકોને સંસ્થા તરફથી વિશેષ પુરસ્કારથી પ્રોત્સાહિત કરવામાં આવેલ. ઉપરાંત તમામ તાલીમાર્થીઓને પ્રમાણપત્ર તથા જીવનઉપયોગી સાહિત્ય આપવામાં આવેલ.



## તારીખ ૧/૫/૨૦૨૨ થી ૭/૬/૨૦૨૨ દરમિયાન શ્રી ઉર આશા ઝવેરી ફાઉન્ડેશનના સહકારથી શિશુવિહાર પ્રાંગણમાં યોજાએલ ત્રણ સર્વાંગી તાલીમમાં શ્રેષ્ઠ દેખાવ કરનાર

• **સ્કેટિંગ:** ઈન્સ્ટકટર શ્રી રાજુભાઈ મકવાણા
**કુલ તાલીમાર્થી** ૬૩, **ઉત્તમ દેખાવ કરનાર પુરસ્કૃત ભાઈ-બહેનો:** યાદવ મિહિર, જવાણી મ.જવાદ, બેલાણી અર્હમ, લાખાણી અયાન, સોદરવા જીલ, માંડલિયા આરવ
• **બ્યુટિપાર્લર**: ઈન્સ્ટ્રકટર શ્રી ઈલાબહેન સોલંકી, **કુલ તાલીમાર્થી** ૨૬, **ઉત્તમ દેખાવ કરનાર પુરસ્કૃત બહેનો:** વાજા નેહા, બારૈયા નમ્રતા
• **ગ્લાસ પેઈન્ટિંગ:** ઈન્સ્ટ્રકટર શ્રી પ્રીતિબહેન ભટ્ટ, **કુલ તાલીમાર્થી** ૧૩, **ઉત્તમ દેખાવ કરનાર પુરસ્કૃત ભાઈ:** શ્રી મલેક અયાન
• **ચિત્ર તાલીમ:** ઈન્સ્ટ્રકટર શ્રી કેવલભાઈ નગરિયા
કુલ તાલીમાર્થી ૩૬, **ઉત્તમ દેખાવ કરનાર પુરસ્કૃત ભાઈ-બહેનો:** પાચા રોઝી ફાતેમા, મલેક રાબિયા, ભટ્ટ તનુશ્રી
• **કમ્પ્યૂટર તાલીમ:** ઈન્સ્ટ્રકટર શ્રી રક્ષિતભાઈ યાદવ કુલ તાલીમાર્થી ૧૫, **ઉત્તમ દેખાવ કરનાર પુરસ્કૃત ભાઈ-બહેનો:** શેખ ફાયઝા, બારૈયા કૃપાલી
• **મહેંદી તાલીમ:** ઈન્સ્ટ્રકટર શ્રી ડિમ્પલબહેન વાજા, **કુલ તાલીમાર્થી** ૨૨, **ઉત્તમ દેખાવ કરનાર પુરસ્કૃત બહેનો:** ગજ્જર સંજના, બારૈયા પ્રીતિ
• **અંગ્રેજી ગ્રામર તાલીમ:**ઈન્સ્ટ્રકટર શ્રી રક્ષિતભાઈ યાદવ, **કુલ તાલીમાર્થી:** ૧૧ **ઉત્તમ દેખાવ કરનાર પુરસ્કૃત બહેન:** પરમાર ધ્રુવી
• **કિડ્સ એન્ડ ક્રાફ્ટ તાલીમ:**ઈન્સ્ટ્રકટર શ્રી પ્રીતિબહેન ભટ્ટ **કુલ તાલીમાર્થી:** ૭ **ઉત્તમ દેખાવ કરનાર પુરસ્કૃત ભાઈ::** કામદાર અતુલ
• **ક્રીડાંગણ તાલીમ:** ઈન્સ્ટ્રકટર શ્રી કમલેશભાઈ વેગડ, **કુલ તાલીમાર્થી** ૧૭૪, **ઉત્તમ દેખાવ કરનાર પુરસ્કૃત ભાઈઓ:** હેમંત ચુડાસમા, વૈભવ મકવાણા, ચિરાગ ગોહેલ, આર્યન પઠાણ, હર્ષ ચુડાસમા



## તસવીરોમાં સર્વાંગી તાલીમ



બ્યુટિપાર્લર તાલીમ



ચિત્ર તાલીમ



કમ્પ્યૂટર તાલીમ



અંગ્રેજી ગ્રામર તાલીમ



ગ્લાસ પેઈન્ટિંગ તાલીમ



મહેંદી તાલીમ

## શિશુવિહાર પ્રાંગણમાં યોજાયેલ વિશિષ્ટ પ્રવૃત્તિઓ



• ભાવનગરની જાણીતી બાળ વિકાસ સંસ્થા નેસ્ટ પ્લે હાઉસનાં ૨૫મા સ્થાપના દિને યોજાયેલ કાર્યકર સન્માન સમારોહમાં શિશુવિહાર સંસ્થાના મંત્રી ડૉ. નાનકભાઈ મુખ્ય મહેમાન તરીકે ઉપસ્થિત રહ્યા હતા. ગુજરાત રાજ્ય સ્થાપના દિન તા.૧ મે પ્રસંગે યોજાયેલ સમારોહમાં ઉપસ્થિત ૧૨૦થી વધુ નાગરિકો અને વાલીઓને શ્રી નાનકભાઈએ શિશુવિહારની અવૈધિક તાલીમથી વાકેફ કર્યા હતા.

• શ્રી નવીનભાઈ નાવડિયાના સંચાલનતળે 'મેરી આવાઝ હી મેરી પહેચાન હૈ'નાં શિર્ષક તળે સ્વ. મન્નાડેની ૧૦૩મી જન્મજયંતી નિમિત્તે જૂના હિન્દી ફિલ્મી ગીતોનો કાર્યક્રમ સંસ્થા રંગમંચ ઉપર ૧ મે રવિવારે યોજાઈ ગયો. આ કાર્યક્રમને માણવા ૧૫૦ સંગીત પ્રેમીઓ ઉપસ્થિત રહ્યા હતા.






• શ્રી બાળ કેળવણી મંદિર બગસરા સંચાલિત શ્રી લાલચંદભાઈ વોરા બાલભવન અમરેલી દ્વારા ગ્રીષ્મ બાળ સર્જન શિબિરનું આયોજન કરવામાં આવેલ. બીજી મેના દિવસે બાળકેળવણી મંડળ દ્વારા યોજાયેલ તાલીમ શિબિરમાં શિશુવિહાર સંસ્થાના ચીફ કો-ઓર્ડિનેટર શ્રી હીનાબહેન ભટ્ટ, શ્રી પ્રીતિબહેન ભટ્ટ, શ્રી રાજુભાઈ મકવાણા, શ્રી પાર્થભાઈ બારૈયા અને શ્રી હર્ષભાઈ ચુડાસમા દ્વારા ૧૨૦ બાળકોને ક્રાફ્ટ, આપત્તિ નિવારણ, સાહસિક રમત-ગમતની પ્રેક્ટિકલ તાલીમ આપવામાં આવેલ.આ કાર્યક્રમનું આયોજન વિશ્વ વાત્સલ્ય ટ્રસ્ટના શ્રી દેવચંદભાઈ અને શ્રી મહેન્દ્રભાઈએ કર્યું







• શિશુવિહાર સંસ્થાના એકાઉન્ટ વિભાગ તથા નેત્રયજ્ઞના સેવાર્થી શ્રી યોગેશભાઈ શાહના દીકરા ચિ. ફાલ્ગુનના ચિ. પૂજા સાથેના શુભ લગ્ન પ્રસંગે શિશુવિહાર સંસ્થાના બાલદેવવનમાં સત્કાર સમારોહ યોજાઈ ગયો. ૧૪ મે શનિવારની સાંજે ભોજન સાથે યોજાયેલ સમારોહમાં ૫૦૦થી વધુ પરિવારજનો પધાર્યા હતા તથા બાલદેવવનના પ્રાકૃતિક માહોલને માણ્યો હતો.




• સૂર સંગમ સંસ્થાના ઉપક્રમે ૫૮મી સંગીત સંધ્યા ૧૫ મેના રોજ પ્રસ્તુતિ પામી. છેલ્લા ૫ વર્ષથી સાતત્યપૂર્ણ રીતે યોજાતા કાર્યક્રમને માણવા માટે ૩૦૦થી વધુ શ્રોતાઓ પધાર્યા હતા. શિશુવિહાર રંગમંચ ઉપર યોજાયેલ જૂના હિન્દી ફિલ્મોના ગીતોએ ભાવનગરના સંગીતપ્રેમી શ્રોતાઓમાં જે આકર્ષણ વિસ્તાર્યું છે, તે નોંધનીય બને છે.

• શિશુવિહાર સંસ્થાના સ્થાપક સભ્ય શ્રી હીરાબહેન માનભાઈ ભટ્ટનાં ૧૦૪મા જન્મદિન પ્રસંગે શ્રી માનભાઈ ભટ્ટ તથા શ્રી પ્રેમશંકરભાઈ ભટ્ટ પરિવારના ૧૫૦ સદસ્યોનું સ્નેહમિલન સંસ્થા પ્રાંગણમાં યોજાયું. ૨૦ મેએ મોડી સાંજે યોજાયેલ ભોજન સમારંભના પ્રારંભે સંસ્થા પરિવારના આજીવન સેવાર્થી અને ભાવનગરની સેવા સુવાસ તરીકે અનુકરણીય શ્રી અનીલાબહેન પંડ્યાનું પારિવારિક અભિવાદન કરવામાં આવેલ.



• નટરાજ કલા સંસ્થાનો અતિ લોકપ્રિય કાર્યક્રમ 'એક સાંજ આપની સાથે' શિશુવિહાર રંગમંચ ઉપર પ્રસ્તુત થયો. તા.૨૨ મે રવિવારે સતત ૧૨૮ માસથી ચાલતા કાર્યક્રમની પ્રસ્તુતિ કેતનભાઈ આવસત્થીના દિગ્દર્શનમાં યોજાઈ. 'હર દિલ જો પ્યાર કરેગા' ટાઈટલ નીચે યોજાયેલ કાર્યક્રમને માણવા ૪૦૦થી વધુ શ્રોતાઓ પધાર્યા હતા તથા ઉનાળાની ઢળતી સાંજે શિશુવિહારના રમ્ય વાતાવરણની મજા લીધી હતી.

• ભાવનગરના જાણીતા સદગૃહસ્થ શ્રી અનિલભાઈ ત્રિવેદી પરિવાર દ્વારા તારીખ ૨૩થી ૨૯ મે દરમિયાન સંસ્થા પરિસરમાં ભાગવત સપ્તાહનું આયોજન કરવામાં આવ્યું. ભાગવતાચાર્ય શ્રી યજ્ઞેશભાઈ ત્રિવેદીની જ્ઞાનવાણીથી સમૃદ્ધ ચિંતન પ્રસાદ પામવા નિયમિત રીતે ૮૦થી વધુ પરિવારજનો પધાર્યા હતા તથા સંસ્થા પ્રાંગણમાં તૈયાર કરેલ ભોજનાલયમાં પ્રસાદ લીધો હતો. શિશુવિહાર સંસ્થાના કાર્યકર શ્રી અનિલભાઈ જોષી તથા રાજુભાઈ મકવાણા દ્વારા ૭ દિવસીય કાર્યક્રમનું સંકલન કરવામાં આવ્યું.





• વિશ્વ સ્વચ્છતા દિવસ પ્રસંગે coastal sanitary provincial cell તથા શહેર આઈ.સી.ડી.એસ.નાં સયુક્ત ઉપક્રમે ૨૮મે ના દિવસે ૩૦૦ આંગણવાડી બહેનો માટે સવારે ૯ થી ૩ સુધી એક પરિ.સંવાદ યોજાઈ ગયો. કિશોરી તાલીમ અંતર્ગત આશા વર્કરોને તૈયાર કરવા માટેના તાલીમ કાર્યક્રમનું સંકલન શ્રી કેતનભાઈ હિંગુ તથા શ્રી સાવિત્રીબહેન નાથજીએ કર્યુ હતું. જેમાં ૪૫૨ બહેનો લાભાન્વિત થઈ હતી.

• શિશુવિહારની સંસ્થાની સેવાકીય પ્રવૃત્તિઓથી ભાવનગર તાલુકો અને નજીકનાં અન્ય ગામોના નાગરિકો લાભાન્વિત થાય તે હેતુસર શિશુવિહાર પરિસરથી લગભગ ૩૦ કિલોમીટર આસપાસના ગામડાંઓના સરપંચશ્રી શાળાના આચાર્યશ્રી તથા તલાટી મંત્રીશ્રીઓનું ‘સેવા’ નામે વોટ્સએપ ગ્રુપ કાર્યાન્વિત કરવામાં આવ્યું છે અને સંસ્થામાં યોજાતા નેત્રયજ્ઞ અને બીજા ઉપક્રમોની જાણ નાગરિકો સુધી મૂકવામાં આવે છે. સંસ્થાની આરોગ્ય પ્રવૃત્તિના સંયોજક શ્રી રાજુભાઈ મકવાણાના પ્રયત્નથી વિકસેલ સેવા જૂથ સક્રિય થઈ રહ્યું છે, જે નોંધનીય બને છે.








• સુમિટોમો કેમિકલ ઈન્ડિયા લિમિટેડ દ્વારા સતત ૩૫મા વરસે તરુણ વિકાસ શિબિર યોજાઈ ગઈ. તારીખ ૧૬ મેથી ૨૭ મે દરમિયાન ઈન્ડસ્ટ્રિઝ કેમ્પસમાં યોજાયેલ ૩૫ વિદ્યાર્થીઓ માટેની તાલીમનું સમાપન ૨૮ મેએ શિશુવિહાર પ્રાંગણમાં યોજાયું. કંપનીના વાઈસ પ્રેસિડન્ટ ડૉ. અમિતભાઈ મહેતાની અધ્યક્ષતામાં યોજાયેલ સમાપન સમારોહમાં વિદ્યાર્થીઓએ આપત્તિ નિવારણ, યોગ, વિજ્ઞાનપ્રયોગ, ક્રિએટીવ આર્ટનું નિદર્શન કર્યુ હતું, જેને પ્રોત્સાહિત કરવા ૧૫૦થી વધુ વાલીઓ પધાર્યા હતા.

• એગ્રોસેલ ઈન્ડસ્ટ્રિઝના ઉપક્રમે તા.૧૬ મે થી ૫ જૂન દરમિયાન યોજાયેલ સર્વાંગી વિકાસ તાલીમમાં ૩૫ વિદ્યાર્થિનીઓ દ્વારા શિશુવિહાર સંસ્થામાં સમાપન મુલાકાત યોજવામાં આવી. શ્રી રોબર્ટ ફર્નાડિઝ, કિશોરસિંહ ગોહિલ તથા શ્રી હરેશભાઈ ભટ્ટના સંયોજનમાં યોજાયેલ બેઠકમાં ઉપસ્થિત અંતરિયાળ કાંઠા વિસ્તારના ગામ ભૂતેશ્વરની ૩૫ વિદ્યાર્થિનીઓને શિશુવિહાર દ્વારા સ્કૂલ કીટ આપી પ્રોત્સાહિત કરવામાં આવેલ.





• શિશુવિહારના રંગમંચ ઉપર ૨૯મે રવિવારે સાંજે ૫:૩૦ કલાકે શ્રી કાદરભાઈ શેખ આયોજીત જૂના હિન્દી ફિલ્મોના ગીતોનો કાર્યક્રમ યોજાઈ ગયો. આ ફિલ્મી ગીતોના કાર્યક્રમ સમયે ઈન્ડિયન આઈડલ શો ૨૦૧૬-૧૭ની સ્પર્ધક ગાયિકા ડોલીબહેને પોતાના અવાજના જાદુથી પ્રેક્ષકોને મંત્રમુગ્ધ કર્યા હતા. શિશુવિહાર પ્રાંગણમાં યોજાયેલ સાંસ્કૃતિક કાર્યક્રમને માણવા માટે ૪૫૦થી વધુ શ્રોતાઓ પધાર્યા હતા.



• શિશુવિહાર પુસ્તકાલયના ઉપક્રમે તા.૨૯મે રવિવાર સાંજે ગુજરાતના જાણિતા લખેક અને દિગ્દર્શક જસ્મિનભાઈ ભટ્ટે બાળવાર્તા દ્વારા બાળકોને વડીલો અને માતા-પિતાની આજ્ઞાનું પાલન કરતા, નીતિમય જીવન જીવવાની, તેમજ નિ:સ્વાર્થ ભાવે સેવા કરતા હંમેશા સારું ફળ પામવાની અને બીજાને સદા મદદ કરવાની પ્રેરણા મળી રહે તેવી વાર્તા કહી હતી. આ કાર્યક્રમમાં બાળવાર્તાનાં લાભાર્થી બાળકોની સંખ્યા ૫૦ રહી હતી.



• મુંબઈ સ્થિત માનવ જ્યોત સંસ્થા દ્વારા ગુજરાત અને મુંબઈની દુ:ખભંજક ૨૦ સ્વૈચ્છિક સંસ્થાઓનું અભિવાદન કરવામાં આવ્યું. તા.૩૧ મેના રોજ ગોવર્ધન હવેલી ખાતે યોજવામાં આવેલ કાર્યક્રમ પ્રસંગે માનવ જ્યોત સંસ્થાના અધ્યક્ષ શ્રી કુલીનકાંત લુઠિયા દ્વારા ભાવનગરની શિશુવિહાર સંસ્થા તથા અન્ય સેવા સંસ્થાઓનું સન્માન કરવા સાથે પ્રત્યેકને અનુદાન પેટે રૂપિયા ૫૦૦૦/- અર્પણ કરવામાં આવ્યા. માનવ સેવાને પ્રભુસેવા જાણતી ભાવનગરની સામાજિક સંસ્થાઓને આર્થિક ટેકો કરનાર માનવ જ્યોતના સન્માનને શિશુવિહાર વતી શ્રી મનીષા કણબી તથા શ્રી પ્રીતિબહેન ભટ્ટે સ્વીકાર્યુ હતું. દિન-પ્રતિદિન સ્વૈચ્છિક સંસ્થાઓ માટે સેવાકાર્ય વધુને વધુ મુશ્કેલ થતુ જાય છે. તેવી આર્થિક રાજકીય સ્થિતિ વચ્ચે માનવ સેવાને જ્યોત સ્વરૂપે જાળવનાર માનવજ્યોત પબ્લિક ચેરિટેબલ ટ્રસ્ટ પ્રત્યે શિશુવિહાર પરિવાર આભાર વ્યક્ત કરે છે.



# બાળ શિક્ષણ

## શ્રી મોંઘીબહેન બધેકા બાલમંદિર:



વિવિધ વસ્ત્રો પ્રદર્શન

મે માસમાં શ્રી મોંઘીબહેન બધેકા બાલમંદિરમાં બાળકોની સંખ્યા ૩૦ રહી હતી. માસ દરમિયાન બાળકોને ક્રીડાંગણ, બાળવાર્તા, બાળનાટક, બાળફિલ્મ બતાવવામાં આવેલ. બાળવયથી બાળકોમાં વૈજ્ઞાનિક અભિગમ વિકસે તે હેતુસર માસ દરમિયાન ગુંજતો ભમરો, રંગ મિશ્રણ, લોહચુંબક, અવાજ કરતી ફૂટપટ્ટી જેવી પ્રવૃત્તિઓ યોજવામાં આવેલ. મે માસમાં વિવિધ વસ્ત્રોનું પ્રદર્શન અને જીવનલક્ષી તાલીમ સાથે બાળકોને જોડવામાં આવ્યા હતા.

દાતા શ્રી દક્ષાબહેન એ. પટેલ, ભુવનભાઈ પી. ભટ્ટ, મધુભાઈ એ. ભટ્ટ, વિનોદભાઈ કિશનચંદ્ર થરયાની, જયશ્રીબહેન રમેશચંદ્રભાઈ દવે, દેવીન્દ્રાબહેન શાહ, શ્રદ્ધાબહેન પંડયા દ્વારા બાળકોને ભોજન આપવામાં આવેલ. ઉપરાંત પાંચ દાતાઓ દ્વારા નાસ્તો અપાયો. માસ દરમિયાન સંસ્થાના કાર્યકર શ્રી કમલાબહેન બોરીચા તેમજ ૪ બાળકોનાં જન્મદિવસની ઉજવણી થઈ હતી.

સંચાલક: શ્રી અંકિતાબહેન ભટ્ટ, ઉષાબહેન રાઠોડ



## આરોગ્ય

### ૪૩૮ તથા ૪૩૯મો પ્રભુકૃપા નેત્રયજ્ઞ:






શ્રી સુનિલભાઈ વડોદરિયાના સૌજન્યથી સ્વ.તારાબહેન વડોદરિયાની સ્મૃતિમાં શિશુવિહાર સંસ્થામાં ૪૩૮મો નેત્રયજ્ઞ તેમજ શ્રી ભીમજીભાઈ ગોવિંદભાઈ નાકરાણીના સૌજન્યથી ૪૩૯મો નેત્રયજ્ઞ તારીખ ૨૭ મેએ શિશુવિહાર પ્રાંગણમાં યોજાયો.

ગુજરાત અંધત્વ નિયંત્રણ સોસાયટી તથા શિવાનંદ આઈ હૉસ્પિટલનાં સહયોગથી યોજાયેલ પ્રભુકૃપા નેત્રયજ્ઞમાં ૧૦૩ દરદીઓની આંખ તપાસ વીરનગરના ડૉ. ચણિયારા સાહેબની ટીમ દ્વારા કરવામાં આવી. લાભાન્વિત દરદીઓને શિશુવિહાર પરિસરમાં 'ડૉ. મીનાક્ષીબહેન ભરતભાઈ ગરીવાલા' ભોજનાલયમાં સવારે ચા-નાસ્તો અને બપોરે ભોજન બાદ કેટ્રેક્ટ સર્જરી માટે ૩૮ દરદીઓને એટેન્ડન્ટ સાથે ખાસ બસમાં વિરનગર લઈ જવામાં આવ્યા.

દરદી દેવો ભવ:ની ભાવનાથી વર્ષ ૧૯૬૮થી ચાલતા પ્રભુકૃપા નેત્રયજ્ઞમાં શિશુવિહાર સંસ્થાનાં તમામ કાર્યકરોએ સેવા આપી હતી.

નેત્રયજ્ઞના દરદીઓ માટે તૈયાર થયેલ ભોજનાલયને વધુ સુવિધાજનક કરવા તૈયાર થયેલ Asbestos celling તથા સ્ટીલ ટેબલની સગવડ આપનાર દાતાઓનો સંસ્થા કાર્યકર ટીમ આભાર માને છે.



### ફિઝિયોથૅરાપી તથા ફિટનેસ સેન્ટર:

શ્રી શેઠ પરિવાર પ્રેરિત ફિઝિયોથૅરાપી સેન્ટરમાં સવારે ૯:૩૦ થી ૧૨:૩૦ તથા સાંજના ૪:૩૦થી ૭ દરમિયાન શરીરનાં વિવિધ દુ:ખાવાઓની સારવાર આપવામાં આવે છે. ડૉ. ભાવિકાબહેન હરિયાણી તથા ડૉ. શ્રદ્ધાબહેન ધામેલિયાનાં કન્સલ્ટેશન હેઠળ મે માસમાં ૨૧૬ દરદીઓએ સારવાર લીધી હતી. તેમજ ફિટનેસ સેન્ટરમાં ૬ ભાઈઓ ૩૦ બહેનો આવ્યા હતા.

સંચાલક: શ્રી અવનિબહેન બોરીચા

### શ્રી સુશીલાબહેન રમણિકલાલ મહેતા મેડિકલ સેન્ટર:

મે માસમાં શ્રી સુશીલાબહેન રમણિકલાલ મહેતા મેડિકલ સેન્ટરમાં સોમવાર થી શુક્રવાર સાંજના ૪ થી ૬ દરમિયાન એલોપેથીની સારવારનો લાભ ૪૮૭ દરદીઓએ લીધો હતો. મેડિકલ સેન્ટરનાં નિષ્ણાત ડૉક્ટર દ્વારા જરૂરિયાત મુજબ દરદીઓને નિ:શુલ્ક દવા આપવામાં આવેલ.

સંચાલક: ડૉ.અરવિંદભાઈ ત્રિવેદી

## જીવન શિક્ષણ (કૌશલ્ય તાલીમ)

### ક્રીડાંગણ-સ્કાઉટ તાલીમ

મે માસ દરમિયાન નિયમિત તાલીમાર્થીઓની સંખ્યા ૪૫ રહી હતી. માસ દરમિયાન સામૂહિક રમતો રમાડવામાં આવી હતી. સાંય પ્રાર્થના સમયે વૈભવભાઈ, જયપાલ, અનુરાગ, અર્પિતભાઈ, હર્ષદભાઈ તથા મોહિતભાઈનો જન્મદિવસ વાલીઓની ઉપસ્થિતિમાં પ્રસાદ-સ્મૃતિભેટ સાથે ઉજવાયો. તાલીમાર્થીના સુ-સ્વાસ્થ્ય માટે નિત્ય રમત અને પ્રાર્થના પછી પોષક આહાર આપવામાં આવેલ. ઉપરાંત, સ્વ. કિરણભાઈ ઓઝાના શ્રેયાર્થે શ્રી હેલીબહેન ઓઝા તરફથી તથા ડૉ. હર્ષદભાઈ પંડયાની સ્મૃતિમાં શ્રી શારદાબહેન પંડયા તરફથી તાલીમાર્થીઓને ભોજનનો લાભ મળ્યો હતો.

પ્રતિવર્ષ માફક ઉનાળાના વૅકેશનમાં વિશેષ તાલીમ આયોજન અંતર્ગત




તારીખ ૧ થી ૧૦ મે દરમિયાન સ્કાઉટ કેમ્પનું આયોજન થયું. જેમા ૪૫ તાલીમાર્થીઓએ ટેન્ટ પીચિંગ, કેમ્પ ફાયર, કુકિંગ, રાત્રી રમતનો આનંદ લીધો હતો. તા.૯મેના દિવસે તમામ વિદ્યાર્થીઓ ડૉ. નલિનભાઈ પંડિતની વાડીએ હિચ-હાઈક માટે ગયેલાં, ત્યાં પણ તાલીમાર્થીઓ શ્રમયજ્ઞ, જંગલ ગેમ, ઍન્ડવેચર ઍક્ટિવીટી સાથે જોડાયેલા. સંસ્થા પ્રાંગણમાં યોજાયેલ વાર્ષિક તાલીમ કેમ્પનું સંચાલન રોવર સ્કાઉટ કમલેશભાઈ, પાર્થભાઈ અને





ચંદ્રેશભાઈએ કર્યુ હતું. ૧૦ દિવસીય શિબિરમાં લાયન પેટ્રોલનો ઉત્તમ દેખાવ રહ્યો હતો. વૅકેશન દરમિયાનની રજાઓના રસપ્રદ ઉપયોગ તરીકે બીજો કાર્યક્રમ તારીખ ૧૮થી ૨૪ મે દરમિયાન ક્રાફ્ટ તાલીમ સાથે યોજાયો. શ્રી પ્રીતિબહેન ભટ્ટ દ્વારા ૪૫ તાલીમાર્થીઓને ઓરિગામી, પેપર બુકે, પેપર ફેન પ્રકારે વિવિધ કૌશલ્ય નિર્માણની મટિરિયલ્સ સાથે તાલીમબદ્ધ કરાયા. તાલીમાર્થીઓ પણ આનંદભેર સહભાગી બની તૈયાર થયેલ નમૂના ઘરે લઈ ગયા હતા.





તારીખ ૧૧થી ૧૭ મે દરમિયાન ૬ ટીમોમાં ક્રિકેટ અને તારીખ ૨૫થી ૩૧મે દરમિયાન કબડ્ડી સ્પર્ધાઓ યોજાઈ. ક્રીડાંગણ સ્કાઉટર શ્રી કમલેશભાઈ વેગડના સંકલન હેઠળ યોજાયેલ રમત સ્પર્ધામાં ક્રિકેટ ટુર્નામેન્ટમાં કૅપ્ટન વૈભવભાઈની ટીમ 'શિશુવિહાર સ્ટાર' વિજેતા થયેલ. જ્યારે કબડ્ડી સ્પર્ધામાં કૅપ્ટન પાર્થભાઈના નેતૃત્વ નીચે 'શિશુવિહાર વોરિયર્સ' તથા અર્જુનભાઈની કૅપ્ટન લીડ સાથે 'શિશુવિહાર બુલ' ટીમ વિજયી રહેલ.







શ્રી ઉર-આશા ઝવેરી સર્વાંગી વિકાસ કેન્દ્રના સહકારથી પ્રતિવર્ષ યોજાતા તાલીમ કાર્યક્રમના ચોથા તબક્કામાં તા. ૧થી ૩૧ મે પુસ્તકાલય આધારિત સામાજિક મૂલ્યવર્ધક કાર્યક્રમો યોજાયા. ભાગ લેનાર ૪૫ વિદ્યાર્થીઓએ પાથ ફાઈન્ડર, પુસ્તકાલય અને ક્રાફ્ટ સંબંધિત ૧૫ પ્રોજેક્ટ ઉપર ઘરે રહીને કામ કર્યુ હતું. તાલીમનું સંકલન શ્રી નિર્મોહીબહેન ભટ્ટ તથા શ્રી હીનાબહેન ભટ્ટે કર્યુ હતું.

શાળાની ચાર દિવાલો અને પુસ્તકોમાં ન મળતું સર્વાંગી શિક્ષણ નવી





પેઢી સુધી વિસ્તરે તેવા હેતુને બળવત્તર કરતાં શિશુવિહાર ક્રીડાંગણનાં ઉપક્રમે યોજાતા વૅકેશન તાલીમ કાર્યક્રમોને ઉમળકાભેર પ્રતિસાદ મળે છે તે સરાહનીય છે. ક્રીડાંગણ તાલીમનાં સંકલન કરતા સ્કાઉટર શ્રી કમલેશભાઈ વેગડ, રોવર પાર્થ બારૈયા તથા ચંદ્રેશ ભટ્ટીને બાળકોના વાલીઓએ અભિનંદન પાઠવ્યા હતા





સંચાલક :શ્રી કમલેશભાઈ વેગડ

## આપત્તિ નિવારણ તાલીમ:

| ક્રમ | તારીખ | લાભાર્થી | સંખ્યા |
|---|---|---|---|
| 197 | 15-5 to 28-5 | સુમિટોમો કેમિકલ ઈન્ડિયા લિમિટેડ તરુણ વિકાસ શિબિરના વિદ્યાર્થીઓ | 35 |
| 198 | 15-5 to 05-6 | એગ્રોસેલ પ્રા.લિ. તથા VRTI તરુણ વિકાસ શિબિરની વિદ્યાર્થિનીઓ | 35 |





સંચાલક: શ્રી હરીશભાઈ ભટ્ટ

## મહિલા ઉત્કર્ષ અને વ્યાવસાયિક તાલીમ

ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી ડિસ્ટન્સ લર્નિંગ સેન્ટર દ્વારા માન્યતા પ્રાપ્ત

### જ્યોતિમંડળ મહિલા સીવણ તાલીમ:

મે માસ દરમિયાન સીવણ તાલીમ વર્ગમાં બહેનોની સંખ્યા ૧૦ રહી હતી. તા.૩૦ મેએ બહેનોએ સમૂહભોજન તથા રમતગમત યોજેલ. સંસ્થા તરફથી નાસ્તો આપવામાં આવેલ. સંચાલક: શ્રી ગુલાબબા ગોહિલ

## સ્વ-રોજગાર સહાય



### સ્વ-રોજગાર:

સંસ્થાની સ્વ-રોજગાર પ્રવૃત્તિ અંતર્ગત બે શ્રમિક બહેનો દ્વારા મે માસમાં ૨૪૦ કાપડની થેલી તૈયાર થતાં રૂ.૯૬૦/-ની રોજગારી મેળવેલ છે. પર્યાવરણ જાળવણી માટે પ્લાસ્ટિક વપરાશને ઘટાડવા માટેના સંસ્થાનાં પ્રયત્નોને ગતિ આપતા **અત્યાર સુધીમાં ૭૦,૨૭૮ કાપડની થેલીઓ** જરૂરિયાતમંદ કુટુંબો સુધી પહોંચાડવામાં આવી છે. શ્રી પુષ્પાબહેન ભટ્ટ તરફથી નાની ૪ ગાંસડી કાપડ તથા શ્રી હસમુખભાઈ ગાલા તરફથી બાળકો માટે બરમુડા તથા થેલી બનાવવા માટે સેમ્પલ કાપડ મળેલ છે. સંસ્થા દાતાશ્રીઓનો આભાર માને છે.

'સ્વાતંત્ર્ય અમૃત મહોત્સવ' વર્ષ પ્રસંગે શ્રમિક બહેનોને રોજગાર આપવા સાથે પર્યાવરણ સંરક્ષણ હેતુને બળવત્તર બનાવવા સંસ્થા દ્વારા ૧ લાખ ૭૫ હજાર કાપડની થેલી તૈયાર કરવાનાં અભિયાનમાં નાગરિકોને સહકાર આપવા વિનંતી. સંચાલક :શ્રી દક્ષાબહેન ગોહેલ



### આરોગ્યવર્ધક ઔષધિ પીણું:

શ્રી નિશીથભાઈ મહેતાના સહકારથી ચાલતા આરોગ્યવર્ધક ઔષધિ પરબમાં સાંજનાં ૫:૩૦ થી ૬:૩૦ દરમિયાન ઉકાળો મળે છે. યુઝ ઍન્ડ થ્રો કપમાં આપવામાં આવતાં અને શરીરની ઈમ્યુનિટી વધારવાના ઉપાય સ્વરૂપે આ સેવાનો લાભ ૧૫૩૦ નાગરિકોએ લીધેલો.

- સંચાલક: શ્રી પોપટભાઈ વેગડ

### દિવ્યજીવન:

શિશુવિહાર દિવ્યજીવનની પ્રાર્થના માસનાં પ્રત્યેક શુક્રવારે સાંજે ૬ વાગે યોજાય છે. જેમાં જિજ્ઞાસુ સાધકો ભાગ લે છે. મે માસની ૨૪મીએ પૂજ્ય સ્વામી ચિદાનંદજી મહારાજની પાદુકાપૂજનનો કાર્યક્રમ યોજાયો હતો.

- શ્રી ઈન્દાબહેન ભટ્ટ

### મનોરંજન:

બાલમંદિર અને શાળા-કૉલેજનાં વિદ્યાર્થીઓ માટે ૭ વિવિધ પ્રકારોમાં ૮૪ પોશાક સંસ્થાનાં મનોરંજન વિભાગમાંથી સાંજનાં ૪:૩૦ થી ૭:૩૦ દરમિયાન મળી શકે છે. મે માસ દરમિયાન ૧ સંસ્થાએ મનોરંજનના પોશાકનો લાભ લીધો હતો.

સંચાલક :શ્રી દક્ષાબહેન ગોહેલ

### તાલીમ:

શિશુવિહાર સંસ્થાનાં વિભાગીય સંવાહકોની બેઠક તારીખ ૧ મેએ યોજાયેલ, જેમાં માસ દરમિયાનના નિયત કાર્યો તથા આયોજિત કાર્યો પૈકી બાકી રહેલ કાર્યોનું મૂલ્યાંકન તેમજ જૂન માસના સંસ્થાગત કાર્યો અંગે સંવાહકો સાથે ચર્ચા કરવામાં આવેલ.

સંચાલક: શ્રી હીનાબહેન ભટ્ટ

### કમ્પ્યૂટર શિક્ષણ તાલીમ વર્ગ:

શિશુવિહાર સંસ્થામાં સ્વ.કાળીદાસભાઈ વળિયા પરિવારની સહાયથી ચાલતા કમ્પ્યૂટર શિક્ષણ તાલીમ વર્ગ અંતર્ગત કમ્પ્યૂટર બેઝિક કોર્સમાં ૨૦ ભાઈઓ-બહેનો તેમજ અનુભવ વર્ગની પાંચ બહેનો શિક્ષણ મેળવી રહ્યાં છે. સંચાલક :શ્રી રક્ષિત યાદવ

### સંગીત વર્ગ:

મે માસ દરમિયાન સંસ્થા સંગીત વર્ગમાં પાંચ તાલીમાર્થીને સુગમ તથા ફિલ્મી ગીત-સંગીતની તાલીમ આપવામાં આવેલ.

સંચાલક:શ્રી દેવુભાઈ મહેતા

## માંદગી સાધનસહાય:

માંદગીવશ ટૂંકા સમય માટે દરદીઓને ઉપયોગી બનતાં સાધનો શિશુવિહાર સંસ્થામાંથી ૧૫ થી ૩૧ દિવસ માટે નિયત ડિપૉઝિટથી આપવામાં આવે છે. મે માસ દરમિયાન સ્વ.ફૂલચંદભાઈ પી. તંબોળી ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા ઉપલબ્ધ સાધનોનો ૭૪ દર્દીઓએ લાભ લીધો હતો. શ્રી તુષારભાઈ જાની તરફથી કમોડ ખુરશી તથા શ્રી દિપીનભાઈ પટેલ તરફથી ફોલ્ડિંગ ચેર ભેટ મળેલ છે. સંસ્થા દાતાશ્રીઓનો આભાર માને છે.

સંચાલક: શ્રી અનિલભાઈ જોશી

## બાલદેવ વન:

મે માસ દરમિયાન શ્રી તદ્રૂપાનંદ બાલદેવવન તથા ઍક્સેલ ક્રોપ કેર લિ. પ્રેરિત 'નૉલેજ પાર્ક'માં ૫૦ બાળકો પોતાના વાલી સાથે રમવા આવ્યાં હતાં. મે માસ દરમિયાન શ્રી નાની માજીરાજ પ્રા.શાળા નં.૩૩ના ૨૫ અને કીડ્સ જુનિયરના ૨૫ તેમ ૫૦ બાળકોએ મુક્ત મને રમી આનંદ માણ્યો હતો. બાલદેવવનમાં રમવા આવતાં તમામ બાળકોને સંસ્થા તરફથી'બાળ આરોગ્ય સૂત્ર'પુસ્તિકા ભેટ આપવામાં આવેલ.

સંચાલક: શ્રી હીનાબહેન ભટ્ટ

# સંસ્કાર સાહિત્ય પ્રકાશન

### શ્રી ગોખલે જ્ઞાન મંદિર પુસ્તકાલય-શિશુવિહાર

સંયોજન: રાજા રામમોહન રૉય ફાઉન્ડેશન

મે માસમાં ૨૫ વાચક સભ્યોએ ૫૦ પુસ્તકો વાચ્યાં હતાં. **સંસ્થા પુસ્તકાલયમાં ભેટ સ્વરૂપે મળેલાં પુસ્તકો, જેનો સાભાર સ્વીકાર છે.**

Yes we can but why we cannot and how we can, 'મનેખ નાનું મન મોટું', 'મૃત્યુ પછીની દુનિયા',અન્ય ૧૯૩ પુસ્તક (શ્રી જશવંતભાઈ મહેતા), 'એક સદીનો પાયો'(ડૉ. જીતુભાઈ વાઢેર), 'ઉઘડતાં દ્વાર અંતરના', 'સાત પગલાં આકાશમાં', 'ભગવદ્ ગીતા', 'વ્યક્તિ ઘડતર', 'પ્રેરણાદીપ',અન્ય ૩૦ પુસ્તક (ઋજુતાબહેન ઠક્કર), 'મારો વરસાદ', 'તસવીર નહીં બનતી'(ભાગ-૩)(શ્રી ભાવનાબહેન પંડયા)

સંચાલક :શ્રી દીપાબહેન જોષી

## બુધસભા:

૧૯૮૦થી અવિરત ચાલતી શિશુવિહાર બુધસભામાં ૪મેના રોજ ૨૧૮૦મી બેઠક યોજાઇ. 'કાવ્ય આસ્વાદ' અંતર્ગત શ્રી હિમલભાઈ પંડયા દ્વારા હર્ષા દવેનાં કાવ્યોનો આસ્વાદ થયો. 'શિખર ઉપર દીવો પ્રગટાવનારને ઘણી ખમ્મા' કવિના શેર દ્વારા ઊંડાણભરી વાતનાં ઉલ્લેખ સાથે વિવેચકના



આંતરવહેણને સાદગીપૂર્વક રસાસ્વાદમાં વણી લીધી હતી. સંચાલન શ્રી જીજ્ઞાબહેન ત્રિવેદીનું રહ્યું.

૨૧૮૧મી બેઠકમાં 'અવસર અભિવ્યક્તિ' અંતર્ગત આઝાદી અમૃતમહોત્સવ, ગૌરવગાન વ્યક્ત કરતા ડૉ. લક્ષ્મણભાઈ વાઢેરે ગૌરવભરી ચર્ચા પ્રસ્તુત કરી. આ પ્રસંગે અમરેલીથી કવિ શ્રી કેતનભાઈ જોશી પધાર્યા, તેમનું બુધસભામાં અભિવાદન કરવામાં આવ્યું. તેમના દ્વારા તેમની રચનાનું પઠન થયું. કાર્યક્રમનું સંચાલન ડૉ. નટુભાઈ પંડયાનું રહ્યું.

૨૧૮૨મી બેઠકમાં 'કવિ વક્તવ્ય' ઉપક્રમ યોજાયો. સંચાલન શ્રી નેહાબહેન પુરોહિતનું રહ્યું. કવિ રમેશ પારેખને તેમના બળવાન શેર દ્વારા કાવ્યાંજલિ આપી, શ્રી પરિમલાબહેન રાવલ દ્વારા તેમના જન્મદિવસે અભિવાદન સાથે ઉપસ્થિત કવિ-કવયિત્રીઓને આઈસ્ક્રીમ આપવામાં આવ્યો હતો.

માસના ચોથા બુધવારે ૨૧૮૩મી બેઠકમાં 'કવિ વિશેષ' ઉપક્રમ યોજાયો. શ્રી સુનિલ ગોહિલ દ્વારા શ્રી વાસવદત્તા નાયક દીવાની વિશે તેમના શેર શાયરીથી કવિની આગવી ઓળખ આપી હતી. સંચાલન શ્રી જયેશભાઈ ભટ્ટનું રહ્યું. માસના ચારેય બુધવાર મળી કુલ ૫૯ રચના સાથે ૯૨ મિત્રોની હાજરી રહી. આમ, સાહિત્યિક કાર્યક્રમ સહીત મહેમાન મહાનુભાવોના આગમને બુધસભા રસપ્રચુર રહી હતી.

સંચાલક: શ્રી કૃપાબહેન ઓઝા

# પ્રચાર-પ્રસાર



## મે માસમાં પંચવર્ષીય લવાજમ રૂ.૨૫૦/-ભરી સભ્ય થનાર મિત્ર

શ્રી કિશોરભાઈ મહેતા-વસઈ, શ્રી નયનાબહેન વાળા-ભાવનગર, શ્રી ઉષાબહેન ઓઝા-ભાવનગર.

**રૂ.૧,૫૦૦/-આપી આજીવન-લવાજમ ભરનાર મિત્ર:** શ્રી ગીતાબહેન હસમુખભાઈ દૂધેલા-રાજકોટ

સંચાલક: શ્રી દક્ષાબહેન ગોહેલ

## અખબાર તથા ટેલીવિઝનમાં શિશુવિહાર

રાજ્યનાં વિવિધ ૨૬ ગુજરાતી અખબારોમાં સંસ્થાની પ્રવૃત્તિઓની ૧૭૮ પ્રેસનોટ પ્રકાશિત થઈ હતી. તથા ૧૫ ઈલેક્ટ્રોનિક મીડિયામાં પ્રકાશિત કરવામાં આવી હતી.

મે માસમાં સંસ્થાનાં ફેસબુકનાં followersની સંખ્યા ૧૧૨૭ અને ઈન્સ્ટાગ્રામનાં followersની સંખ્યા ૪૨૮ રહી હતી.

સંચાલક: શ્રી અનિલભાઈ બોરીચા

## સાભાર



• શિશુવિહાર પરિવારના આપ્તજન શ્રી શારદાબહેન પંડયા (મુંબઈ) દ્વારા ડૉ. હર્ષદરાય પંડયાની સ્મૃતિમાં તા.૧૬મે સંસ્થાના બાળકો તથા કાર્યકરને ભોજન તેમજ લેપ્રસી કૉલોનીનાં ૫૦ ગરીબ પરિવારોને ઉનાળાની ગરમીમાં રાહત આપતાં ચપ્પલનું વિતરણ કરવામાં આવ્યું. સંસ્થા પરિવારની સેવા પ્રવૃત્તિઓ પ્રત્યે આદર અને સ્નેહભાવથી પુણ્ય પ્રવૃત્તિઓમાં સહયોગી મૂ.શ્રી શારદાબહેન પંડયા (ઉંમર ૯૩)નો સંસ્થા પરિવાર આભાર માને છે.



### • સદ્‌ભાવભરી સ્વૈચ્છિક સહાય •
### સંસ્થા સૌનો હાર્દિક આભાર માને છે

**• સદ્‌ભાવભરી સ્વૈચ્છિક સહાયનાં દાતાશ્રીઓ •**

| | | |
|---|---|---|
| 25,000.00 | શ્રી નાનાલાલ ભવાનભાઈ પટેલ ચે. ટ્રસ્ટ | આરોગ્ય સહાય |
| 25,000.00 | શ્રી પરીનભાઈ ઉષાકાંત દામાણી | આરોગ્ય સહાય |
| 20,000.00 | શ્રી ઓમ શાંતિ ટ્રસ્ટ | નેત્રયજ્ઞ |
| 20,000.00 | શ્રી હિંમતલાલ ઠક્કર | નેત્રયજ્ઞ(જૂન-૨૦૨૩) |
| 11,111.00 | શ્રી સરલાબહેન કાંતિલાલ શાહ | આરોગ્ય સહાય |
| 5,100.00 | શ્રી અનિલભાઈ મોહનલાલ શાહ | આરોગ્ય સહાય |
| 5,000.00 | શ્રી દીપકભાઈ નવીનચંદ્ર જોગી | શૈક્ષણિક સહાય |
| 5,000.00 | શ્રી સુધાબહેન કનુભાઈ શાહ ચે. ટ્રસ્ટ | દૃષ્ટિ ચકાસણી સહાય |
| 5,000.00 | શ્રી કોકિલાબહેન વિનયચંદ પારેખ | શૈક્ષણિક સહાય |
| 5,000.00 | શ્રી પ્રેસીટિક લેબોરેટરીઝ પ્રા. લિમિટેડ | આરોગ્ય સહાય |
| 3,000.00 | શ્રી નિરવ એ. શાહ | પ્રકાશન સહાય |



## શુભેચ્છકો લખે છે

**• શ્રી રણછોડભાઈ શાહ (અધ્યક્ષ-એમિટી, ભરૂચ)**

'શિશુવિહાર'નો સળંગ અંક:૯૨૩ મળ્યો. શિક્ષણની સંસ્થા કેવા કેવા ઉત્તમ સામાજિક કાર્યો કરી શકે તે અંક વાંચતા સમજાય છે. ખાસ તો આજના અતિ વ્યસ્ત સમયમાં પણ આપ સૌ નિયમિત પ્રવૃત્તિઓ નિયમિત રીતે કરી સૌને માટે ઉદાહરણરૂપ અને પ્રેરણારૂપ પણ બની રહ્યા છો, વંદન સહ અભિનંદન. યોગ્ય વ્યક્તિઓને સતત સન્માનતા રહેવાનો અભિગમ અત્યંત પ્રશંસનીય છે. શ્રી રક્ષાબહેન, શ્રી વિપુલભાઈ, શ્રી ગૌરવભાઈ, શ્રી સંકેતભાઈને અભિનંદન. ભાવનગર રહેતો હોત તો કેટલો લાભ મળત. બુધસભાના કાર્યક્રમ બદલ રાજીપો વ્યક્ત કરું છું. મને 'શિશુવિહાર' નિયમિત મોકલો છો તે માટે આપનો ઋણી છું.

**• શ્રી મૃદુલાબહેન પારેખ (ફેવિકોલ કંપની, મુંબઈ)**

ભાવનગરનો કલાત્મક ચંદરવો એટલે મુઠી ઉંચેરા માનવ-માનભાઈ ભટ્ટનું માનસ સંતાન 'શિશુવિહાર' અને તેનું અદકેરું જતન કરતાં તેમના મોટા દીકરી, યુવતીઓને શરમાવતા ૮૪ વર્ષના મૂક કાર્યકર એટલે ઈન્દાબહેન. આજે સંસ્થાની અને ઈન્દાબહેનની મહેમાનગતિ માણી. સાથોસાથ તેમની કલાકારીગરીની આગવી સૂઝ, તેમના આંગણાની બોલકી રંગોળીએ આવકાર્યા અને હીરાબાની મીઠી યાદ અપાવી. આ ભગવાધારીએ સમાજ સેવાનો ભેખધારીએ અલખ જગાવ્યો છે. જરૂરિયાતમંદ બહેનોને સીવણ, ગૂંથણ, હસ્તકલા, મહેંદી, બ્યુટી પાર્લરના કામો શીખવી બહેનોને પગભર કરવાનો મોટો ફાળો આ સંસ્થાનો અને ઈન્દાબહેનનો છે. સૅલ્યુટ છે આ કર્મિષ્ઠ ઈન્દાબહેનને.

**• શ્રી અજીતસિંહ વાજા (અધ્યક્ષ, ભાવવંદના ટ્રસ્ટ)**

'શિશુવિહાર' સંસ્થાના દરેક કામ માનવીય અભિગમથી ભરેલા હોય છે. આપની પાસેથી ઘણું શીખવાનું છે ભાવનગરની સ્વૈચ્છિક અને સેવાભાવી સંસ્થાઓ એકઠી મળીને માનવ કલ્યાણ કાર્યમાં સક્રીય થાય તો નવો રાહ વિકસે.

**• શ્રી યશવંતભાઈ શુકલ (અધ્યક્ષ બાલ સાહિત્ય અકાદમી, અમદાવાદ)**

'શિશુવિહાર'થી બાળ કેળવણી ક્ષેત્રે સિમાચિહ્ન પ્રદાન કરનાર સ્વાતંત્ર્ય સેનાની પૂજ્ય પ્રેમશંકરભાઈની સ્મૃતિમાં વર્ષ ૨૦૨૨નો બાળકાવ્ય એવોર્ડ શ્રી કિરીટભાઈ ગોસ્વામીને એનાયત કરી રહ્યા છીએ, આભાર સહ.

**• શ્રી નાથુભાઈ પ્રજાપતિ (વડોદરા)**

બાળકોને પોતાનું સ્વતંત્ર અને આગવું વ્યક્તિત્વ છે એટલા માટે તો

બાળકને બધું જ પોતાની જાતે કરવું છે જાતે કામ કરીને બાળકને પોતે સ્વાવલંબી છે તે પુરવાર કરવું છે. બાલમંદિર હોય કે શાળા હોય કે પછી બાળકના પાલક હોય, હર કોઈની પ્રથમ ફરજ છે કે બાળકોને પૂરતી સ્વાતંત્રતા આપવી. બાળક સતત પ્રવૃત્તિશીલ રહે આવા વિચારોને પ્રાધાન્ય આપતાં 'શિશુવિહાર' પ્રાંગણમાં ૧૯૪૦થી ચાલતી ગ્રીષ્મ તાલીમ વર્ષ ૨૦૨૨માં પણ યોજાઈ. ૧૨ દિવસ માટે ૩ શિબિરો થયા. ચિત્રકામ, સ્કેટિંગ, સ્કાઉટિંગ, કમ્પ્યૂટર, મહેંદી, બ્યુટીપાર્લર, અંગ્રેજી ગ્રામર, ગ્લાસ પેઈન્ટિંગ પ્રકારે વિવિધ પ્રવૃત્તિઓમાં બાળકો ઉત્સાહપૂર્વક ભાગ લઈ રહ્યા છે. જીવનશિક્ષણના ભાગરૂપે વૅકેશન દરમિયાન શામપરા ખાતે સાઈકલ પ્રવાસ, કબડ્ડી, ખો-ખો પ્રકારની ભારતીય રમતોની પણ તાલીમ આવકારદાઇ છે. વાલીઓએ પણ પોતાના બાળકોને 'શિશુવિહાર'ના ઉપક્રમે યોજાતી સર્વાંગી તાલીમમાં મોકલી પ્રોત્સાહિત કરવા જોઈએ.

**• શ્રી અમિતભાઈ મણિયાર (ઍક્સેલ ઈન્ડસ્ટ્રિઝ, ભાવનગર)**

'શિશુવિહાર'ના આદ્યસ્થાપક પરમ પૂજ્ય શ્રી માનભાઈ ભટ્ટના સંસ્કારો જેમને ગળથૂથીમાં મળ્યા છે એવા શ્રી હરેશભાઈ ભટ્ટ આજના યુવાનો માટે એક ઉદાહરણરૂપ અને પ્રેરણાત્મક વ્યક્તિ છે. સ્વભાવે વિવેકી, નિડર, સાહસિક, દૃઢ મનોબળ ધરાવતા, ખડતલ શારીરિક ક્ષમતાવાળા, રાષ્ટ્ર પ્રેમની ભાવનાથી ભરેલા અને તેજ હાસ્યવૃત્તિ ધરાવતા ઝિંદાદિલ ગુણીજન હરેશભાઈને સલામ. ઍક્સેલમાં તેમના કાર્યકાળ દરમિયાન મુખ્યત્વે પૂજ્ય કાકાને પ્રિય એવા ICDU, ડિઝાસ્ટર મેનેજમેન્ટ ક્ષેત્રે તેમનું યોગદાન પ્રશંસનીય રહ્યું. સેફટી ટ્રેનિંગમાં પણ તેઓનું સેવાકાર્ય નોંધપાત્ર રહ્યું. કેન્ટિન વ્યવસ્થામાં તેમની સ્વભાવગત જાગૃતિ અને કાર્યનિષ્ઠાથી સારી સેવાઓ પૂરી પાડી. ગુજરાત રાજ્યના મુખ્યમંત્રીશ્રીના વરદ્હસ્તે તેઓશ્રીનું સન્માન 'શિશુવિહાર' અને ઍક્સેલ ભાવનગર માટે ગૌરવરૂપ બને છે.

**• શ્રી વી.એચ. ઓઝા (GSFC, જામનગર)**

GSFC કંપનીમાં મેઈન્ટેનન્સ વિભાગમાં રહી હરેશભાઈએ પોતાની ફરજ નિષ્ઠાપૂર્વક બજાવેલ તેમજ સ્કાઉટ-ગાઈડના માસ્ટર તરીકે વિદ્યાર્થીઓને સ્કાઉટની ટ્રેનિંગ આપતા સ્વભાવે રમુજી હોય જોક્સ પણ સારી કહે. કામમાં વ્યસ્ત રહેવા છતાં દરેક સાથે મિત્રતા રાખી સફળતાપૂર્વક કામ કરી નિવૃત્ત થયેલ, પરંતુ તેમની સ્કાઉટની સેવાઓ ચાલુરાખી આનંદથી રહે છે. શ્રી હરેશભાઈ ભટ્ટનું શેષ જીવન સ્વસ્થ અને દરેક રીતે સુખેથી પસાર કરે તેવી શુભેચ્છા.



**• શ્રી સંકેતભાઈ ભટ્ટ (અમદાવાદ)**

ગુજરાતના શિક્ષણ મંત્રીશ્રી દ્વારા શ્રી હરેશભાઈનું સન્માન અમો તેઓના વિદ્યાર્થીઓ માટે ગૌરવરૂપ છે. તેઓ અમારા સ્કાઉટ શિક્ષક રહ્યા છે જેનુ અમને ભારોભાર ગૌરવ છે. હજુ પણ એ જ ઉત્સાહ ખંત અને ધગશથી અમારા જેવા અનેકોના જીવન માટે માર્ગદર્શક બને તેવી પ્રાર્થના. ૭૭ વર્ષે પણ સતત કાર્યશીલ રહે તેવી શુભેચ્છા.

## શ્રદ્ધાંજલિ

### સ્વ. મીનાબહેન હેમાણી



શિશુવિહાર સંસ્થાનાં માધ્યમથી બાળકોમાં સર્જનશીલતા વિકસાવવા માટે પ્રયત્નશીલ સ્વ. મીનાબહેન પ્રમોદચંદ્ર હેમાણી હવે આપણાં વચ્ચે નથી. સર્જનશીલતાને પૂજા ગણી નવી પેઢીમાં સાતત્યપૂર્ણ રીતે સર્જનાત્મકતાની તાલીમ વિસ્તારનાર સદ્દગતના આત્માની ચિર શાંતિ માટે શિશુવિહાર પરિવાર પ્રાર્થના કરે છે.



## સ્વરાજ્યની શાળા શિશુવિહાર

**વર્ષ ૧૯૮૯માં પ્રકાશિત શિશુવિહાર સામયિકોનો સાર (એક દસ્તાવેજ) ભાગ-૧**




### જાન્યુઆરી

• **સુવર્ણ જયંતી:** શિશુવિહાર સંસ્થાની સુવર્ણ જયંતી પ્રસંગે સંસ્થા સમાચારના વાચકોને ખાસ વિનંતી. સંવત ૨૦૪૫માં ૪૯ વર્ષ પૂરા કરીને સંસ્થા ૫૦મું વર્ષ શરૂ કરે છે. સંસ્થા તેનો બાલ્યકાળ અને યુવાનીકાળ પૂરો કરી હવે વાનપ્રસ્થકાળે પહોંચેલ હોઈ, ગત વર્ષો દરમિયાન થયેલ કામોની

પ્રશંસા કરવાની લેશમાત્ર જરૂર નથી. પરંતુ આપને અમારા સ્વજન સમજી વિનંતી કરીએ છીએ કે વીતેલ વરસો દરમિયાન આપને અમારી કાર્યપદ્ધતિમાં જાણ્યે અજાણ્યે જે કંઈ ક્ષતિ જણાઈ હોય તો નિ:સંકોચ જણાવશો. પ્રભુની કૃપા હોય તો અમે આપ સૌના માર્ગદર્શનથી વધુ નમ્રભાવે અને નક્કરતાપૂર્વક જનસેવાના કાર્યો કરી શકીએ.

• **શુભેચ્છકોને વિનંતી:** કોઈપણ જાહેર સંસ્થાના સફળ સંચાલનનો આધાર સદભાવી સભ્યો, શુભેચ્છકો અને નિ:સ્વાર્થ ભાવે નિષ્કામ સેવા આપનાર સંચાલકો ઉપર જ અવલંબે છે. પ્રભુકૃપાએ શિશુવિહારને તેની સ્થાપનાથીજ આવો સુમેળ ભર્યો સહકાર સાંપડયો છે. તેથી નિર્વિઘ્ને ૪૯ વર્ષની મજલ પૂરી કરી સંવત ૨૦૪૫ના કારતક સુદ એકમને દિવસે સંસ્થા ૫૦મા વર્ષમાં પ્રવેશે છે. સુવર્ણ જયંતીના આ વર્ષમાં માનપત્રના મોટા મેળાવડા કે ફંડફાળા કરવાનો કોઈ સવાલ જ નથી. સંસ્થા દ્વારા ચાલતી જનસેવાની અનેકવિધ પ્રવૃત્તિમાં આજની કમરતોડ મોંઘવારીમાં પણ પ્રભુની પ્રેરણાથી સ્વૈચ્છિક દાતાઓના દાનનું પવિત્ર ઝરણું સદાય વહેતું જ રહે છે. તેમ છતાં સુવર્ણ જયંતીના વર્ષ નિમિત્તે એક ખાસ અપેક્ષા રહે છે અને તે માટે વિનંતી કરવાનું મન થાય છે. શિશુવિહાર પ્રત્યે સદભાવ અને શુભેચ્છા રાખનાર ભાઈ-બહેનોનું નામ સંસ્થા સાથે કાયમ જોડાયેલું રહે એ માટે સંસ્થા પરિવારના કાયમી સભ્ય બનવા આપને અમારી વિનંતી છે. ફક્ત એક જ વખત લવાજમ ભરીને આપ કાયમ માટે નીચે મુજબ શિશુવિહાર પરિવારના સભ્ય બની શકો છો.

• **સ્કાઉટ હટ: સમૂહ ભોજન:** ગતમાસમાં સ્કાઉટ ગાઈડ માટે સમૂહ ભોજન સાથે કેમ્પ ફાયરનો કાર્યક્રમ રાખેલ. તેમાં ૫૦ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. સમૂહ ભોજન બાદ કેમ્પ ફાયરનો આનંદ લીધો હતો.

• **યુવક મહોત્સવ:** શ્રી અજય એમ. ભટ્ટ અને શ્રી જયેશ જે. દવે યુવક મહોત્સવમાં અનુક્રમે લોકવાદ્યમાં પ્રથમ અને એકપાત્રીય અભિનયમાં દ્વિતીય આવેલ. જ્યારે જયેશભાઈ કાવ્યલેખનમાં પ્રથમ અને પાદપૂર્તિમાં દ્વિતીય સ્થાને આવેલ છે.

નવું સત્ર: સ્કાઉટ ગાઈડનું નવું સત્ર જાન્યુઆરી ૧૯૮૯થી શરૂ થઈ ગયું છે. રોજ સાંજે નિયમિત સ્કાઉટ ગાઈડની તાલીમ લેવા આવવું હોય તેણે સત્ર ફીના રૂ.૧૫/- કાર્યાલયમાં ભરીને નામ નોંધાવવું. વાલીઓ પોતાનાં બાળકોને સ્કાઉટ-ગાઈડની જીવનમાં અત્યંત ઉપયોગી તાલીમ જરૂર આપે. સ્કાઉટ-ગાઈડની કતારનું અને તાલીમનું કામ શ્રી અમુલભાઈ સંભાળી રહ્યા છે.-



## ફેબ્રુઆરી

• **૨૫મો પ્રભુકૃપા નેત્રયજ્ઞ:** શિશુવિહારમાં નવરાત્રિ પછી અને દિવાળી પહેલાં દર વરસે એક મોટો નેત્રયજ્ઞ થાય છે. પરંતુ આ વરસે સંસ્થાની સુર્વણ જયંતી નિમિત્તે ખાસ વધારાનો નેત્રયજ્ઞ તા.૨૫ માર્ચે થશે. તેનું સંચાલન નેત્રરક્ષા ચેરિટેબલ ટ્રસ્ટ અને શિવાનંદ મીશનના સ્થાપક સેવાભાવી સંત ડૉક્ટર પૂજ્ય અધ્વર્યુજી કરશે. નેત્રયજ્ઞમાં દરદીને સંપૂર્ણ દાક્તરી સારવાર તથા રહેવા અને જમવાની સગવડ પ્રભુ પ્રીત્યર્થે વિનામૂલ્યે અપાય છે.

• **કર્તવ્ય પાલન:** શિક્ષણના કલેવર અને અભ્યાસક્રમ વિષે દરેક સમાજમાં સતત વિચારણા થતી હોય છે, જે પરિવર્તનશીલ યુગમાં અત્યંત આવશ્યક છે. આપણે ત્યાં કલેવર અને અભ્યાસક્રમ ઉપરાંત શિક્ષણ પ્રણાલી વિષે પણ મૂળભૂત વિચાર કરવાની આવશ્યકતા ઘણાં સમયથી જણાઈ છે. આઝાદી પહેલાં ગાંધીજી અને ગુરુદેવ રવીન્દ્રનાથ ઠાકૂરે આ વિષે ઊંડો વિચાર કરીને અખતરા કર્યા. પરંતુ આઝાદી પછી મૂળભૂત પરિવર્તનની દિશામાં નોંધનીય પ્રગતિ નથી જે સ્વીકારવું રહ્યું.

## માર્ચ

• **ગાંધીજીની સર્વોત્તમ ભેટ:** ગાંધીજીએ ભારત વર્ષને અને જગતને ઘણા મૂલ્યવાન વિચારો આપેલા છે. તેમણે જીવનની સંધ્યાએ નઈ તાલીમનો વિચાર દેશ પાસે મૂકયો ત્યારે કહ્યું કે આ મારી ઉત્તમોત્તમ ભેટ છે. ગાંધીજી સત્યવ્રતી હતા, તેથી તોળી તોળીને બોલનારા હતા. અતિશયોક્તિ કે નિરર્થક આડંબર એમની વાણીમાં નહોતાં. આવા પુરુષે નઈ તાલીમને પોતાની સર્વોત્તમ ભેટ કહી તેમાં નઈ તાલીમનું અમૃત રહસ્ય છૂપાયેલું છે. બેરોજગારી જૂના શિક્ષણનું વિસ્તરણ કરવાથી જવાની નથી. ઉલટી વકરશે..અનુત્પાદક, અસમાજિક શિક્ષિતોમાં વધારો કરશે. તેમાં ભણનારાનો દોષ નથી. દોષ શિક્ષણમાં આપણે પલટો લાવી શકયા નથી તેનો છે. કેળવણીનું કામ વિદ્યાર્થી જે નથી જાણતો તે ગોખી જાણે એટલું નથી. કેળવણીનું કામ એ છે કે વિદ્યાર્થી જે જાણે છે છતાં આચરતો નથી તેનું આચરણ કરતો થાય. રસ્કિનની આ મહામૂલી શિખામણ કદી વીસરવા જેવી નથી. આવા આચરણની પ્રેરણા અને સામર્થ્ય છાત્રાલય જીવન દ્વારા જ આવે. ત્યાં જ સામાજિક ફરજો અને અધિકારોનું વાસ્તવિક શિક્ષણ મળે. જો શિક્ષકમાં આ નહીં હોય તો તે શાળાને સામાજિક પ્રવૃત્તિઓનું કેન્દ્ર કેવી રીતે બનાવી શકશે? જો કૂવામાં નહીં હોય તો હવાડામાં ક્યાંથી આવશે? -મનુભાઈ પંચોળી

• **સ્વામીરાવને શ્રદ્ધાંજલિ:** ભારતના મહાન ક્રાંતિકારી સ્વાતંત્ર્ય સેનાની

સરદાર પૃથ્વીસિંહ આઝાદનું ૯૮ વરસની વયે તા.૫ માર્ચ ૧૯૮૯ના રોજ હરિયાણા રાજ્યના હિસાર ગામે દેહાવસાન થયું છે. બ્રિટીશ સામ્રાજ્યવાદી સલ્તનતનો તેણે મરણિયો સામનો કર્યો. અંગ્રેજ સરકારે તેને ફાંસીની અને આજીવન કેદની સજા કરી હતી. પરંતુ જાનની બાજી લગાવીને જુલ્મગાર સલ્તનતના સકંજામાંથી છટકી જઈ તેઓ ગુપ્તવાસમાં સ્વામીરાવ નામ રાખીને ભાવનગરમાં આવીને રહ્યા. ગુપ્તવાસમાં ભાવનગરને તેણે પોતાનું બીજું વતન બનાવ્યું. યુવાનો બળવાન, પ્રાણવાન અને હિંમતવાન બની ભારત દેશને ગુલામીની જંજીરમાંથી મુક્ત કરે તે માટે ભાવનગરમાં રહીને વ્યાયામની પ્રવૃત્તિ શરૂ કરી. ભાવનગરના રાજવીના સહકારથી મોતીબાગ અખાડો શરૂ કર્યો. કાઠિયાવાડ વ્યાયામ મંડળની સ્થાપના કરી. ગુપ્તવાસમાં પણ રાષ્ટ્રીય આઝાદીની જેહાદ જગાવતા રહ્યા.

## એપ્રિલ

• **સુવર્ણજયંતી અંગે વિજ્ઞપ્તિઃ** શિશુવિહાર સંસ્થાના સુવર્ણ જયંતિ વર્ષમાં છેલ્લા પચાસ વર્ષમાં હજારો વિદ્યાર્થીઓ, વાલીઓ, દાતાઓ, કાર્યકર્તાઓ સ્વયંસેવકો તથા સંસ્થાના વિકાસમાં પ્રત્યક્ષ કે પરોક્ષ ફાળો આપનાર શુભેચ્છકો યાદ આવ્યા વિના ન જ રહે. આ સૌને વ્યકિતગત મળવુ તો અશકય જ છે. પરંતુ આ પત્રિકા દ્વારા પ્રાથમિક સંપર્ક સાધવાનો પ્રયત્ન કરીએ છીએ. સૌ જાણે છે તેમ શરૂઆતમાં તો આપણી શિશુવિહાર સંસ્થા થોડાક શ્રમજીવી મજૂર મિત્રોનું આનંદ મંગળ મંડળ હતું. પણ તેમાંથી ધીમેધીમે આજે તો એક મોટું વટવૃક્ષ બની ગયું છે. સંસ્થા પચાસ વર્ષ પૂરા કરી સુવર્ણ જયંતી ઉજવી રહેલ છે ત્યારે આપના સંસ્થા સાથેના સંબંધોને અમે તાજા કરી લેવા ઈચ્છીએ છીએ.

પચાસ વર્ષ દરમિયાન અહીં જનસેવાની અને શિક્ષણની અનેકવિધ પ્રવૃત્તિઓ વિકસી. શિશુઓનું તો આ પહેલેથીજ વિહાર સ્થાન. સંસ્થાનું ક્રીડાંગણ આખા ભારતવર્ષમાં એક આદર્શ ક્રીડાંગણ બની ગયું છે. તદુપરાંત સ્કાઉટિંગ, વ્યાયામ શાળા, નેત્રયજ્ઞ, ચક્ષુદાન, રક્તદાન, દેહદાન, પુસ્તકાલય, ગોખલે જ્ઞાનમંદિર, પ્રાથમિક સારવાર, બાલમંદિર, કલાવર્ગ, અંગ્રેજીના વર્ગો, સીવણ, ઔદ્યોગિક તાલીમ, દિવ્ય જીવન સંઘની શાખા, સંગીત વર્ગ વગેરે પચીસ કરતાં પણ વધુ સમાજ સેવાની અને શિક્ષણની પ્રવૃત્તિઓ અવિરત ચાલે છે. ઘણાં વરસો સુધી સરકાર માન્ય પ્રાથમિક શાળા અને હાઈસ્કૂલની પ્રવૃત્તિ પણ ચલાવી. પરંતુ આજના સરકારી શિક્ષણમાં પ્રજા ઘડતરના માણસાઈના પાયાના સદ્‌ગુણોનો વિકાસ સાધવાની ક્ષમતા રહી નથી તેમ લગતા ચીલાચાલુ અને પ્રચલિત શિક્ષણની



એ પ્રવૃત્તિઓ છોડી દીધી. છેલ્લા ૫૦ વર્ષથી શિશુવિહારમાં અનેકવિધ પ્રવૃત્તિઓ ચાલે છે. તેમાંથી કોઈને કોઈ પ્રવૃત્તિઓ સાથે તમારા દિલના તાર જોડાયેલાં હશે. તમે પણ આ વિશાળ વડલાની મીઠી છાંયા અનુભવી હશે. ઘણાં ભાઈ-બહેનો માટે આ સંસ્થાએ માતૃ સંસ્થાનું સ્થાન લીધું છે. તમને પણ સંસ્થાના માતૃત્વના અમૃતનું થોડુંક આચમન તો પ્રસાદીરૂપે મળ્યું હશે. -માનભાઈ ભટ્ટ

• **ભાવનગર જિલ્લાની ૨૨મી સ્કાઉટ-ગાઈડ રેલી.**

ભાવનગર જિલ્લા સંઘની ૨૨મી સ્કાઉટ-ગાઈડ રેલી તા. ૯થી ૧૧ માર્ચ દરમિયાન યોજાઈ ગઈ. સ્વામીનારાયણ ગુરુકૂળના પ્રાંગણમાં યોજાયેલ આ રેલીમાં જિલ્લાની ૧૯ શાળાઓના ૨૫૬ સ્કાઉટ ગાઈડ ઉત્સાહપૂર્વક ભાગ લીધેલ. પંડિત નેહરુ જન્મ શતાબ્દી વર્ષના ઉપક્રમે યોજાયેલ આ રેલીનું ઉદ્‌ઘાટન શેઠ શ્રી શાંતિભાઈ શાહ (આફ્રિકાવાળા)ના વરદહસ્તે કરાયું હતું. આ પ્રસંગે શ્રી ધનજીભાઈ બાલધિયા, ચેરમેન શ્રી ન.પ્રા.શિ.સમિતિ શ્રી વિનોદભાઈ રવાણી, શ્રી બકુભાઈ શેઠ, સ્વામી શ્રી નારાયણ પ્રિયદાસજી વગેરે ઉપસ્થિત રહેલ.

બપોરે ૩:૩૦ કલાકે નગર માર્ચ પાસ્ટનું વિશિષ્ટ ભવ્ય આયોજન કરાયેલ. આ માર્ચ પાસ્ટ રેલી વિવિધ વેશભૂષા, જુદા-જુદા બેનર્સ, સ્કાઉટિંગ સૂત્રોચ્ચાર અને રાષ્ટ્રીય એકતાના ગાન સાથે હર્ષોલ્લાસ પૂર્વક નગરના વિવિધ માર્ગો પરથી પસાર થયેલ. જે નગરજનો માટે ધ્યાનપૂર્વકનું કેન્દ્ર બની ગયેલ.

ત્રિ-દિવસીય રેલી દરમિયાન વિવિધ સ્પર્ધાઓ, નિદર્શન અને તાલીમ કાર્યક્રમોમાં સર્વોત્તમ દેખાવ કરી સ્વામીનારાયણ ગુરુકૂળ હાઈસ્કૂલ, પી.એમ.બંજારી હાઈસ્કૂલ અને કુમારશાળા ગ્રામ્ય વિભાગ, રેલીના વિજય પદ્મને પાત્ર બનેલ. આ ઉપરાંત બુધેલ, ઝમરાળા, પ્રણવ બક્ષી વિનય મંદિર તથા ભાવનગર નગર પ્રાથમિક શિક્ષણ સમિતિની શાળા પણ વિજેતા બનેલ. ૧૯૮૮-૮૯ના વર્ષ દરમિયાન પ્રવૃત્તિ સાતત્ય અને સંખ્યાત્મક પ્રગતિના મૂલ્યાંકનથી ભાવનગર જિલ્લા પંચાયત પ્રા. શાળા સમગ્ર જિલ્લામાં પ્રથમ રહીને મહારાજા કૃષ્ણકુમારસિંહજી વિજય પદ્મ મેળવી ગયેલ.

જિલ્લા સંઘની આ રેલીના સંચાલક તરીકે શ્રી એન.એફ.ત્રિવેદી રહેલ. રાજ્ય કમિશનર સ્કાઉટ શ્રી નાનકભાઈ ભટ્ટ, મંત્રીશ્રી રતિભાઈ ભટ્ટે જહેમત ઉઠાવી હતી.

• **સુવર્ણ જયંતી નેત્રયજ્ઞઃ** સુવર્ણ જયંતિ વર્ષમાં જે થોડાક કાર્યક્રમો સંસ્થામાં

યોજાયા છે. તેમાં પ્રભુકૃપા નેત્રયજ્ઞ નોંધનીય રહ્યો. ૧૦૧૭ દર્દી ભાઈ-બહેનોની નોંધણી થયેલ છે. જે પૈકી ૮૦૦ દર્દીઓને તપાસી ઑપરેશન કરવા યોગ્ય ૬૮ દર્દીઓને નેત્રયજ્ઞમાં દાખલ કરેલા. બીજાને યોગ્ય દવાઓ તથા સૂચનો આપવામાં આવેલ. નેત્રયજ્ઞ દરમિયાન શિશુવિહાર સ્કાઉટ-ગાઈડ, દિવ્યજીવન સંઘના કાર્યકરોએ ઉમદા સેવા આપી નેત્રયજ્ઞમાં ૪૬ બહેનો અને ૨૦ ભાઈઓનાં ઑપરેશન થયાં. પૂ. ડૉ. શ્રી અધ્વર્યુજી અને તેમની ટીમ તથા ડૉ. મુજપરાએ આ ઑપરેશન કરવામાં અમૂલ્ય સેવા આપી હતી.

• **વિધવા ત્યક્તા સ્વાવલંબન સહાય યોજના:** ભાવનગરના થિઓસોફીનો પ્રાણસમા સ્વ. હોમીભાઈના સ્મરાણાર્થે તેમના સ્વજનશા શ્રી કમળાબહેન ઠક્કર તથા શ્રી ભૂપેન્દ્રભાઈ ઠક્કર હસ્તક રૂ.૩૫૦૦૦ જેવી માતબર કાયમી સહાય તેમજ સ્વ. સરદાર પૃથ્વીસિંહ યોજિત તેમના સાસુબાના સ્મરણાર્થે મળેલ સહાયમાંથી આ વર્ષે ખાદીભંડારમાં જે બહેનોને સ્વાવલંબી રીતે પોતાનું જીવન ચલાવતા મજૂરી કરીને સ્વતંત્ર ઉદ્યોગ કરી રહેલ છે. તેવા ૨૫ જરૂરિયાતવાળા બહેનોને વ્યકિત દીઠ રૂ.૧૪૦ની રોકડ સહાય આપવામાં આવેલ છે.

• **ગિજુભાઈ કહે છે:** જેઓ ચોપડી વાંચીને જ્ઞાન લેવાની મુરાદ રાખે છે. તેઓ મહેતાજી થશે. જેઓ બાળકને વાંચીને જ્ઞાન મેળવશે. તેઓ કેળવણીકાર થશે. પ્રત્યેક બાળક કેળવણીકારો માટે સમર્થ, અદ્વિતીય અને મહાન ગ્રંથ છે.

## મે

• **બાલદેવવન યોજના:** જનસમાજ જેને 'શિશુવિહાર'ના નામે અને તેના દ્વારા થયેલાં અને થઈ રહેલા કાર્યોથી ઓળખે છે તે સંસ્થાના મૂળ સંચાલકે તો કહેવાતી ઉમદા કેળવણી લીધા વિના જ જિંદગીભર કારખાનાઓમાં લોઢ કૂટ મજૂરી જ કરી છે, પણ સ્વભાવે તરંગી એટલે મજૂરી કરતાં કરતાં પ્રભુકૃપાએ મનમાં કોઈ તરંગ પેદા થાય એટલે ગજાનો વિચાર કર્યા વિના જ તેને અમલી કરવા મથામણ કરે અને કોઈ ગત જન્મના પુણ્યબળે જ તેને અકલ્પનીય સાથ-સહકાર મળી રહે અને પોતે નિમિત્ત બની જાય છે.

વળી સંસ્થા સંચાલન લેશ આવડતું નહીં. ૪૯ વર્ષના વહાણાં વાયા, પણ અમે નથી રાખી કોઈ મુલાકાતીઓની નોંધ, નથી અભિપ્રાયપોથી. નથી સાચા-ખોટા વખાણોનાં પત્રોની ફાઈલો. પરંતુ જ્યારથી સંસ્થા શરૂ કરી ત્યારથી આજ સુધીના ફક્ત અણિશુદ્ધ હિસાબોની યાદી ખૂબ જ વ્યવસ્થિત રાખવામાં આવેલ છે અને તે બધું સંસ્થાના



સંબંધિતો માટેજ નહિ, પરંતુ કોઈ જે જિજ્ઞાસુઓને જોવા-સમજવાની ઈચ્છા હોય, તેમને માટે હંમેશા ખુલ્લું જ હોય છે. - માનભાઈ ભટ્ટ

પ્રાત: સ્મરણીય, પરમ પૂજ્ય, ઠક્કરબાપાની કોઈ અકલ્પ્ય કૃપાને કારણે, તેમનાં છેલ્લા બે વર્ષના નાદુરસ્ત તબિયત સમયના ભાવનગરના નિવાસ દરમિયાન દેશભરના જે જે આગેવાનો તેમની તબિયતના ખબઅંતર પૂછવા આવતાં તેઓને શિશુવિહાર અને તેની પ્રવૃત્તિ વિષે જાણકારી મેળવવા આજ્ઞા આપતા. અલબત આવી કોઈ બાબતોની વ્યવસ્થિત નોંધ રાખી નથી. છતાં આશ્ચર્ય એ છે કે પૂ.ઠક્કરબાપા પોતે સંસ્થાના સમભાવી સભ્ય બન્યા હતા. તેઓ સંસ્થા પરિવારના મુરબ્બી હોઈ એક વડીલ તરીકેજ તેમની અતિ અલ્પ આખરી મૂડી તેમની હયાતી બાદ શિશુવિહાર સંસ્થાને આપવા આજ્ઞા કરી ગયેલા. આ પ્રકારે મિલાપ કાર્યાલયના સંચાલક સંસ્થા પ્રત્યેના પક્ષપાત ભર્યા વલણને કારણે મિલાપમાં આવતા દેશ પરદેશના અનેક મહેમાનોને શિશુવિહારમાં લઈ આવે જ. પણ તેનીએ નોંધ ન મળે તેમજ કેટલીક વખત પરદેશી જિજ્ઞાસુઓ બે-ચાર દિવસ સંસ્થામાં અભ્યાસાર્થે રહી જાય તેનીએ કોઈ નોંધ રાખી નથી.

ચીલાચાલુ શિક્ષણના કાર્યો માટે સરકાર પાવડે-તગારે આંખો મીંચીને ગ્રાન્ટ અને બીજી અન્ય પ્રકારે સહાય કરે છે, તેની કદર કરી લાભ લેવાને બદલે નફરત બતાવે. રાજકારણીય પુરુષોના સન્માન સમારંભો કે તેમના હસ્તે ઉદ્દ્ઘાટનોના પ્રયોગો કરી કરાવી તેઓ બધાંની અંતરની તેમ કરવાની ઈચ્છા અને સહાનુભૂતિ હોવા છતાં તેમની દરકાર કરી નથી. એમાંયે અધુરામાં પૂરું ઘરને દરવાજે પાટિયું લગાવ્યું છે કે, ભૂત, ભવિષ્ય કે વર્તમાનકાળના ધંધાદારી રાજકારણીઓને અંદર પ્રવેશવાની મનાઈ છે. આવી આ સંસ્થાએ સંવત ૨૦૪૫ન કારતક સુદ એકમના દિવસે સ્થાપનાથી માંડી આજ સુધીમાં ૪૯ વર્ષ પૂરાં કરી ૫૦મા વર્ષમાં પ્રવેશ કર્યો છે. એટલે સંસ્થામાં તો અનેકવિધ પ્રવૃત્તિ તરસ્યાઓ માટેના ઉમદા પાણીના પરબની માફક ચાલ્યા જ કરતી હોવા છતાં, આ ૨૦૪૫ના વર્ષમાં જે કંઈ થશે તે સુવર્ણ જયંતી નિમિત્તે ઉજવવા સંકલ્પ કર્યો છે.

સંસ્થાએ અનેક સખી ગૃહસ્થોની સહાય અને સદ્દ્ભાવનનાથી ઊભી કરેલી પ્રવૃત્તિઓ જ્યારે સંસ્થાના હિતમાં કે સંસ્થા વિરુદ્ધ જણાઈ ત્યારે, તેમજ સંસ્થા કરતાં અન્ય સ્થળે વધુ ઉપયોગી થશે તેમ જણાયા પછી સંસ્થાએ તે પ્રવૃત્તિની કશી જ મોહમમતા રાખી નથી. દાખલા તરીકે સંસ્થામાં સૌ પ્રથમ શરૂ કરેલ ઔદ્યોગિક તાલીમ અને સેવા પ્રવૃત્તિ, સૌરાષ્ટ્ર રાજ્યના કુટિર ઉદ્યોગોની અંગેના નિષ્ણાત કારીગરો તૈયાર કરવા માટે જરૂર

પડી ત્યારે તેની જમીન, યંત્રો, સાધનો, મકાનો ઉપરાંત તે અંગેની રોકડ રકમ પણ કશી જ શરત વિના રાજ્યને આપી દીધા.

વરસો જૂની જામેલી-જમાવટ કરેલી પ્રાથમિક અને માધ્યમિક શાળાની પ્રવૃત્તિ, ગ્રાન્ટ તેમજ શિક્ષણ પદ્ધતિના મતભેદ ક્ષણવારમાં છોડી દીધી. પાયાની કેળવણી તરીકે માત્ર બાલમંદિર ચાલુ રાખ્યું. કાળાનુસાર લાઠીયુગ પૂરો થતાં યુવાન ભાઈ-બહેનો માટે રાઈફલ શુટિંગ પ્રવૃત્તિ વરસો સુધી ચલાવી. જેમાં પારવિનાના ભાઈ-બહેનોએ તાલીમ લીધી. પરંતુ પોલીસ ખાતાએ તેને અટકાવતાં દાતાની સંમતિ લઈને ભાવનગર રાઈફલ શુટિંગ કલબને તમામ કિંમતી રાઈફલો અને અન્ય સામગ્રી ભેટ આપી દીધી. આવી તો અનેક યોજનાઓ જ્યાં તેની તાતી જરૂરિયાત હોય તેવે સ્થળે વધુ ઉપયોગી થવા પ્રભુ પ્રિત્યર્થે જ ભેટ ધરી છે.

એવું જ મોટી સંસ્થાઓ સંબંધે પણ બન્યું. બજરંગ વ્યાયામ શાળા એટલે આખો દિવસ સખત મજૂરી કરતા કોળી જ્ઞાતિના લત્તામાં, તેઓના જ સાથ સહકારથી તદ્દન સ્વાવલંબી રીતે ઊભી કરેલી પારવિનાની રાત્રિ શાળાઓ, સંસ્કાર કેન્દ્ર અને વ્યાયામ શાળા. આ બજરંગ શાળા વગેરેને ઉચ્ચતર સ્થાને મૂકી નવા કાર્યકરો તૈયાર થતાં હસ્તક્ષેપ છોડયો. જ્યાં કોઈ નામ નિશાન નહોતું. તેવી વર્ષોથી બ્રિટીશ સલ્તનતની શોભારૂપ ચાલતી રેડક્રોસ સંસ્થાનો કબજો મેળવી રૂવાપરી દરવાજે આલિશાન મકાન તથા ઉચ્ચત્તર વહીવટ ઊભો કરવામાં મુખ્ય નિમિત્ત, કારણ બનીને કારભાર નવા તંત્રને સોંપ્યો. જે આજે ગુજરાતમાં સર્વોચ્ચતા ભોગવતી સંસ્થા થઈ છે. એવું જ ભાવનગર વૃદ્ધ નિકેતનના નિમિત્ત બની પૂરાં ૧૭ વર્ષના વહીવટ પછી તેને તદ્દન સાધનસજજ કરી એક બાજુ થઈ ગયા. સર તખ્તસિંહજી હૉસ્પિટલમાં બર્ન્સ વોર્ડ, બ્લડ બેંક ઉપરાંત અનેકવિધ પ્રવૃત્તિઓની સ્થાપના કરી, તેને વેગવંતી બનાવી સરકારશ્રીને સમર્પિત કરી દીધી.

આ કોઈ કાર્યમાં પરમ કૃપાળુની અકલ્પ્ય અનુમતિ અને દયાથી લેશમાત્ર આશા, તૃષ્ણા, માન અકરામની અપેક્ષા રાખી નથી. બધું તેની કૃપાથી જ થયું છે. આવી આ સંસ્થાના સંવત ૨૦૪૫ના સુવર્ણ જયંતી વર્ષ દરમિયાન અનેકવિધ બૌદ્ધિક કાર્યક્રમો તો થશે જ. પરંતુ એક અંતર્ગત કાર્યક્રમનો પણ સંકલ્પ છે અને તે હાલ ફક્ત એક વર્ષ માટે ભંગી-હરિજન બાળકોનું જ બાલમંદિર ચલાવવું. જેનો પ્રારંભ કારતક સુદ એકમથી થઈ ગયો છે અને બીજું કાર્ય છે એક બાલ ઉપવન કરવું. ૭૦૦૦ ચો. ફૂટ જગ્યામાં નાના મોટા પ્રસંગો માટે ઑપન શેડ કુટીરો વચ્ચે મધ્યમાં ૩૦×૩૦નો ઑપન બાવર. નાનાં બાળકો માટે છબછબિયાં હોજ, એકાદ હજાર ઘટાદાર વૃક્ષોની વનરાઈ. દરેક વૃક્ષ નીચે બેસવાના બાંકડાઓ કે જ્યાં આગળ નેત્રયજ્ઞ, સ્કાઉટ કૅમ્પ, સાધના શિબિરો પણ યોજી શકાય અને તે ઉપરાંત ભાવનગર શહેરના તમામ બાલમંદિરોના તેમજ બાલવાડીઓના ભૂલકાંઓ રોકટોક વિના મુક્તમનથી હરીફરીને રમીકૂદી શકે.

આ બાલ ઉપવનનો અંદાજીત ખર્ચ રૂ. સાડાચાર લાખ છે. જેમાં રૂપિયા એક લાખ સહાય કરનારની સૂચના મુજબ બાલઉપવનનો નામાકરણ વિધિ થઈ શકે. -માનભાઈ ભટ્ટ

ભાવનગર વૃદ્ધાશ્રમ ટ્રસ્ટ નવા આવાસોનો ઉદ્‌ઘાટન પ્રસંગઃ શિશુવિહાર સંસ્થાના સક્રિય સાથ સહકારથી ઉદ્‌ભવેલ ભાવેણા શહેરના તીર્થધામ જેવી સ્વ. શ્રી ગુલાબબહેન હરિભાઈ શાહ વૃદ્ધાનિકેતનના શેઠ શ્રી જયંતિલાલ કેશવજી વોરા પુરુષ વિભાગ તથા શ્રી સૌ. મંજુલાબહેન જયંતિલાલ વોરા સ્ત્રી વિભાગના નવા બંધાયેલા આવાસોની ઉદ્‌ઘાટન વિધિ ૨૪ એપ્રિલ ૧૯૮૯ના રોજ  પૂજ્ય દયારામબાપાના વરદ હસ્તે રાખેલ. તે પ્રસંગે અધ્યક્ષ સ્થાને ગુજરાત રાજ્ય વિધાનસભાના અધ્યશ્રી નટવરલાલ શાહ પધારેલ. અતિથિ વિશેષ તરીકે પરમ પૂજ્ય મહારાજશ્રી મદનમોહનદાસજી, શેઠશ્રી શશીભાઈ વાધર, શ્રી ધનજીભાઈ બાલધિયા, શ્રી પ્રતાપભાઈ શાહ તેમજ શહેરના આગેવાન ગૃહસ્થો, વકીલો, ડૉક્ટરો વગેરે વિશાળ સંખ્યામાં હાજરી આપેલ.

આ પ્રસંગે ગુજરાત રાજ્ય વિધાનસભાના અધ્યક્ષશ્રી નટવરલાલ શાહે જણાવ્યું હતું કે વૃદ્ધોના પ્રશ્નોને અને વૃદ્ધોને સમાજે સ્વીકારવાજ પડશે. તેઓ વૃદ્ધાશ્રમના આશરે ૪૦ જેટલા નવા આવાસોના ઉદ્‌ઘાટન પ્રસંગે બોલતા માનનીય શ્રી નટવરલાલ શાહે વધુમાં જણાવ્યું હતું કે વિદેશની માફક હવે આપણા દેશમાં પણ વૃદ્ધો મુંઝવણ બનવા માંડયા છે. સામાજિક પરિવર્તન આવતા વૃદ્ધો ઘરમાં અસ્વીકાર્ય થઈ પડયા છે ત્યારે સમાજની આ વૃદ્ધોને સાચવવાની જવાબદારી વધી જાય છે. તેમણે વૃદ્ધાશ્રમની પ્રવૃત્તિને સારી નહીં તોયે આવશ્યક ગણાવી હતી. આ પ્રસંગે શ્રી દયારામબાપાએ આશીર્વચન આપ્યા હતા અને પોતાના તરફથી વૃદ્ધાશ્રમને ૫૧ પલંગ તથા ગાદલા ગોદડાનું ઉપર દાન જાહેર કર્યુ હતું. સ્વાગત પ્રવચનમાં ટ્રસ્ટીશ્રી ગુલાબભાઈ સંઘવીએ સંસ્થાના કાર્યનો પરિચય આપ્યો હતો. સમારંભના અતિથિવિશેષ શ્રી શશીભાઈ વાધરે (શશી ઈન્ડસ્ટ્રિઝ) ઉદ્યોગભવન બાંધવા માટે રૂ. ૭૫ હજારના દાનની જાહેરાત કરી હતી. આ પ્રસંગે અન્ય દાતાઓ તરફથી પણ દાનની રકમોની જાહેરાત કરાઈ હતી. કાર્યક્રમનું સંકલન શ્રી પ્રવીણભાઈ મહેતાએ કર્યુ હતું.

## જૂન

• **ઈદ મુબારક:** શિશુવિહાર સંસ્થા દર વરસે ઈદના પવિત્ર પ્રસંગે સંસ્થામાં ભણતાં મુસ્લિમ બાળકોનાં વાલીઓ તથા શુભેચ્છકોને ઈદ મુબારકનો ખુશાલીપત્ર પાઠવે છે. આપણી દરેક પ્રવૃત્તિ કોમી એકતા અને ભાઈચારાની રાષ્ટ્રીય ભાવનાથી થવી જોઈએ. શિશુવિહારની પાડોશમાંજ મોટી મુસ્લિમ વસાહત હોવાથી શિશુવિહારમાં ૩૫ ટકા મુસ્લિમ બાળકો ભણે છે. સંસ્થાના વિશાળ ક્રીડાંગણનો લાભ પણ ઘણી મોટી સંખ્યામાં લેવાય છે.

ઈદ મુબારક પાઠવવા બદલ ઘણાં વાલીઓ તેમજ શુભેચ્છકો વળતો પત્ર લખીને આભાર માને છે. આવો પત્ર વ્યહાર પત્રિકામાં પ્રગટ નથી થતો. પરંતુ આ વખતે આવેલ પત્રોમાંથી નમૂનારૂપે બે પત્રો સાભાર પ્રગટ કરીએ છીએ: -

ભરતનગરથી મેમણ કોલોનીમાં રહેતાં શ્રી નુરમહમ્મદ હાજી ઈસ્માઈલ કપાસિયાવાલા લખે છે આપના તરફથી છાપેલ ઈદમુબારકની પત્રિકા સાથે બોધદાયક સાહિત્ય મળ્યું છે, આભાર માનું છું. આપણા સમાજના આબાલવૃદ્ધોના શિક્ષણકાર્યમાં આપ સૌ સક્રીય રહેલા છો. આપની ભલી અને ઉદાર ભાવનાને વેગ મળે તેવી પરવરદિગારને બંદગી કરું છું. આપ સૌને મારા વળતા ઈદ મુબારક પાઠવું છું.

સુરતથી ડૉ. અબ્દુલગની મેસાણિયા લખે છે ઈદ મુબારક પ્રસંગે એક અનોખું ઈદ મુબારક પેમ્ફલેટ વાંચી સાચા અર્થમાં મને આજે ઈદ મુબારક મળ્યા હોય તેવું પ્રતિત થયું. આપે આ અતિ ઉમદા કાર્ય કર્યુ છે. જે હાલના વિષમય કોમવાદી વાતાવરણમાં રાહત આપનાર કાર્ય છે. અમે અમારા ધર્મને જાણતા નથી તેનું મને પોતાને ઘણું જ દુ:ખ છે. જો અમે અમારો ધર્મ સમજીએ તો પણ સુખ શાંતિ રહે. આ દેશમાં સજ્જનોની વૃદ્ધિ થાય અને દુર્જનો સજ્જન અને એવી અભ્યર્થના સાથે આપનો આભાર.

• **આગ્રહ ભરી વિનંતી:** આપ સૌના અનેક પ્રકારના સદભાવ, પ્રેમ, સક્રીય સાથ સહકાર, પ્રોત્સાહન અને સ્વૈચ્છિક આર્થિક સહાયને કારણેજ લોકસેવાનો આ સંસ્થા દ્વારા નમ્ર પ્રયત્ન થઈ રહ્યો છે.

સંસ્થાનું નામ 'શિશુવિહાર' હોવા છતાં અત્યાર સુધીની અનેકવિધ પ્રવૃત્તિઓ આબાલવૃદ્ધ સૌ માટેની થઈ છે, રહી છે અને રહેશે.

ક્રમશ:

REGN.No.BVHO/46/2022-2024 • RENEWED UPTO Dt.31/12/2024
RNI REGISTRATION No. GUJGUJ/2009/30760
Posted at Bhavnagar RMS 17th Every Month

સંસ્થાને અપાતી આર્થિક સહાય 80-G(5) નીચે કરમુક્ત છે,
12A: 01- sub Clause (i) of clause (ac) of sub-section (1) of section 12A Dated 24/9/2021
80-G: 11-Clause (i) of first proviso to sub-section (5) of section 80G Dated 24/9/2021
PAN No.: AACTS4389Q
CSR Regi. No.: CSR00015366 Dated 27/9/2021

બેંકની વિગતો
નામ: '**શિશુવિહાર**'
SBI નેટબેન્કિગ અકાઉન્ટ નંબર: 32899173982
IFS Code: SBIN0060009
UPI ID : SHISHUVIHAR@SBI

SCAN & PAY
UPI QR CODE

જો આપ UPI ID અથવા QR કોડ સ્કેન કરીને સહાય મોકલી રહ્યા છો તો આપનું નામ, **PAN** નંબર, સરનામું તથા મોબાઈલ નંબર શિશુવિહારના Mo.7043332100 ઉપર મોકલી આપવા વિનંતી છે.

Shishuvihar Bhavnagar
Shishuvihar Bhavnagar
Shishuvihar
Shishuvihar

પરામર્શ સમિતિ
સર્વશ્રી ઈન્દિરાબહેન ભટ્ટ, અનિલભાઈ બોરીચા, દક્ષાબહેન ગોહેલ, મનિષા કણબી, ભાવનાબહેન પંડયા

To.

PRINTED, PUBLISHED AND EDITED BY DR. NANAK M. BHATT ON BEHALF OF SHISHUVIHAR PUBLISHED AT SHISHUVIHAR, NORTH KRISHNANAGAR, BHAVNAGAR (GUJARAT) AND PRINTED AT SUMEET PRINTERS, BEHIND MANUBHAI GANTHIYAWLA NEAR DSP OFFICE KASHIVISHWANATH TEMPLE, NAVAPARA, BHAVNAGAR, PIN: 364001. (GUJARAT) INDIA